‘વેલકમ ટુ ધ જંગલ’: હળવી ફૂલ કોમેડી ફિલ્મ

મૂવી રિવ્યુ

અમર સોલંકી દ્વારા

ફિલ્મ

‘વેલકમ ટુ ધ જંગલ’

રેટીંગ

★★★★☆

એક લાઈનનો પ્રતિભાવ

સરસ કોમેડી ફિલ્મ. જો કે બધી વાતમાં લોજીક શોધતા લોકોને નહીં ગમે.

બેઝ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપ, કેપ ઓફ ગુડ ફિલ્મ્સ, સીતા ફિલ્મ્સ અને સ્ટાર સ્ટુડિયોઝ ૧૮ની ‘વેલકમ ટુ ધ જંગલ’ (UA) એક કોમેડી ફિલ્મ છે. એક અમીર ઉદ્યોગપતિ, સિંહા (ઝાકિર હુસૈન), એક ફ્લોપ ફિલ્મ બનાવીને પોતાના પૈસા ઉડાવવા માંગે છે. તેથી તે એક ફ્લોપ ફિલ્મ બનાવવા માટે ડિરેક્ટર-જોડી દેવ (રાજપાલ યાદવ) અને દાસ (પરેશ રાવલ)ને સાઇન કરે છે, જેથી તે તેમાં ઘણા બધા પૈસા ગુમાવી શકે. દેવ-દાસ આ ફિલ્મ માટે ફ્લોપ હીરો રાજીવ (અક્ષય કુમાર), તેની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ નાદિરા દારૂવાલા (દિશા પટણી) અને અન્ય ઘણા કલાકારોને સાઇન કરે છે, જે બોક્સ-ઓફિસ પર જાણીજોઈને નિષ્ફળ જવા માટે જ બનાવવામાં આવી રહી છે.

આર્મીમેન (લશ્કરી જવાનો) પર આધારિત આ ફિલ્મના શૂટિંગ દરમિયાન, કલાકારો-જેઓ બધા ભારતીય સેનાના સભ્યોની ભૂમિકા ભજવી રહ્યા છે-તેમનો સામનો આઝાદગામમાં અસલી આતંકવાદીઓ સાથે થાય છે, જ્યાં ફિલ્મના મહત્વના દ્રશ્યો શૂટ કરવાના હોય છે. ઝાતારા(જેકી શ્રોફ) ની આગેવાની હેઠળના આતંકવાદી જૂથે આઝાદગામના લોકોને બંધક બનાવી રાખ્યા છે. નકલી કલાકારો અસલી સૈનિકની મદદથી કેવી રીતે આતંકવાદીઓને હરાવે છે અને આઝાદગામના રહેવાસીઓને આઝાદી અપાવે છે, તે આ વાર્તાનું મુખ્ય તત્વ છે.

નીરજ વોરાની વાર્તા અવાસ્તવિક છે, પરંતુ તે એક કોમેડી ફિલ્મ હોવાથી દર્શકો આ અંગે કોઈ ફરિયાદ નહીં કરે. કારણ કે, રમુજી હોવાની સાથે સાથે તે મનોરંજક પણ છે. આવી ઓવર-ધ-ટોપ કોમેડી માટે નીરજ વોરાની પટકથા તદ્દન યોગ્ય છે, જેમાં આખા ડ્રામા દરમિયાન સાતત્યતા જળવાઈ રહે છે. આ ઉપરાંત, લેખકે એ વાતનું પણ ધ્યાન રાખ્યું છે કે દરેક પાત્રની લાક્ષણિકતાઓ ક્યાંય નબળી ન પડે. વળી, તમામ પાત્રો જાણીતા ચહેરાઓ દ્વારા ભજવવામાં આવ્યા હોવાથી, તેઓ દર્શકોનું મનોરંજન કરવાની સાથે ફિલ્મનું ફેસ વેલ્યુ પણ વધારે છે. મોટા ભાગના કલાકારો પોતાના પાત્રને સારો ન્યાય આપી શક્યા છે. અહમદ ખાનનું દિગ્દર્શન ઉત્કૃષ્ટ છે.



» ઇસ્લામિક કેલેન્ડરના પવિત્ર મહિના મોહર્રમના ૧૦મા દિવસે શિયા મુસ્લિમો દ્વારા ‘યોમ-એ-આશુરા’ મનાવવામાં આવ્યો હતો. ૭મી સદીમાં કરબલાના મેદાનમાં શહીદ થયેલા પયગંબર મોહમ્મદના પૌત્ર ઇમામ હુસૈનની શહાદતની યાદમાં શ્રદ્ધાળુઓએ ભારે શોક વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ઇરાક, ઇરાન અને લેબેનોન સહિત વિશ્વભરમાં પરંપરાગત માતમ અંતર્ગત પુરુષો અને બાળકોએ છરી, તલવાર અને સાંકળો વડે સ્વ-ઇજા કરીને પોતાનું લોહી વહાવ્યું હતું.



» આસામના ગુવાહાટી સ્થિત પ્રસિદ્ધ કામાખ્યા શક્તિપીઠ ખાતે પરંપરાગત ‘અંબુબાચી મેળો’ શુક્રવારે સંપન્ન થયો છે. માતાજીના વાર્ષિક માસિક ધર્મના પ્રતીક રૂપે સોમવાર સાંજથી મંદિરના કપાટ ૪ દિવસ માટે બંધ કરવામાં આવ્યા હતા. શુક્રવારે સવારે માતાજીના વિધિવત સ્નાન અને વિશેષ પૂજા અર્ચના બાદ મંદિરના દ્વાર ભક્તો માટે ફરી ખોલી દેવાયા હતા. આસામના રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્ય અને તેમના પત્નીએ સવારે વહેલા આવીને માતાજીના દર્શન કર્યા હતા. પ્રવાસન મંત્રી અજંતા નેઓગના જણાવ્યા અનુસાર, આ વર્ષે ૭,૯૬,૭૭૭ ભક્તો મેળામાં ઉમટ્યા હતા, જેમાં ૭૫ વિદેશી શ્રદ્ધાળુઓ પણ સામેલ હતા. ગયા વર્ષની સરખામણીએ આ આંકડો ઘણો વધારે છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ આ મેળાને અસમની સાંસ્કૃતિક વિરાસતમાં ‘નારી શક્તિ’ ના કેન્દ્રીય મહત્વનું પ્રતીક ગણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ૫૧ શક્તિપીઠોમાં સૌથી જૂની ગણાતી આ પીઠમાં દેવીની કોઈ મૂર્તિ નથી, પરંતુ પથ્થરના બનેલા ‘યોનિ’ પ્રતીકની પૂજા થાય છે.

જાપાન તરફ ધસી રહેલા બે વાવાઝોડા: પશ્ચિમમાં ભારે વરસાદ

પશ્ચિમ જાપાનના કેટલાક ભાગોમાં પૂરની સ્થિતિ

મેખલા અને હિગોસ નામના બે વાવાઝોડા નજીક આવી રહ્યા છે, હજી ભારે વરસાદ થઇ શકે

ટોક્યો, તા. ૨૬(એપી): જાપાનની ઉપર પહેલેથી જ ઘેરાયેલા ચોમાસાના વરસાદી માહોલ વચ્ચે બે ઉષ્ણકટીબંધીય વાવાઝોડા નજીક આવી રહ્યા હોવાથી શુક્રવારે પશ્ચિમ જાપાનના કેટલાક ભાગોમાં ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ સર્જાઈ હતી. જાપાનની હવામાન વિભાગની એજન્સીએ જણાવ્યું હતું કે, શુક્રવારે મોડી બપોર સુધીમાં વાવાઝોડું ‘મેખલા’ જાપાનના દક્ષિણી દૂરના ટાપુ અમામીના પશ્ચિમ કિનારેથી દૂર હતું અને તે ઉત્તર-પૂર્વ તરફ આગળ વધી રહ્યું હતું. JMAના જણાવ્યા અનુસાર, ‘હિગોસ’ નામનું અન્ય એક વાવાઝોડું પણ નજીકમાં જ આગળ વધી રહ્યું હતું અને આ બંને વાવાઝોડા શનિવારે ભારે વરસાદ લાવવાની સાથે ટોક્યો ક્ષેત્રમાં પહોંચે તેવી સંભાવના છે.

જાપાનની પબ્લિક ટેલિવિઝન ચેનલ NHKના અહેવાલ મુજબ, શુક્રવારે વહેલી સવારે નારા શહેરમાં એક વ્યક્તિ પાણીની નહેરમાં પડી જતાં ઈજાગ્રસ્ત થયો હતો. ક્યોટોથી આવેલા ટેલિવિઝન ફૂટેજમાં કામો નદી કાદવવાળા પાણીથી છલોછલ અને વહેતી જોવા મળી હતી. ક્યોટો, ઓસાકા અને પશ્ચિમ જાપાનના અન્ય વિસ્તારોમાં પૂરની ચેતવણી જારી કરવામાં આવી હતી. ફાયર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીએ જણાવ્યું હતું કે, શુક્રવારે નારા અને હિરોશિમામાં ૩૦ થી વધુ ઘરોમાં પૂરના પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદના કારણે આ વિસ્તારમાં કેટલીક ટ્રેનોની અવરજવર અને ફ્લાઇટ્સ ખોરવાઈ ગઈ હતી.

» એશિયાઈ દેશો જાપાન અને તાઇવાન પર કુદરતી આફત ત્રાટકી છે. શુક્રવારે જાપાન તરફ એકસાથે બે દરિયાઈ તોફાન આગળ વધી રહ્યા હોવાની ગંભીર ચેતવણી વચ્ચે તંત્ર દ્વારા અગમચેતીના ભાગરૂપે ૧૦ લાખથી વધુ લોકોને તેમના ઘરો છોડીને સુરક્ષિત સ્થળોએ ચાલ્યા જવા સલાહ આપવામાં આવી છે. આ વાવાઝોડાની અસર હેઠળ પાડોશી દેશ તાઇવાનમાં પણ મૂસળધાર વરસાદે તબાહી મચાવી છે. તાઇવાનના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે અને આ ગંભીર પૂરના કારણે અત્યાર સુધીમાં ઓછામાં ઓછા બેના મોત થયા છે. આ તસવીર તાઈવાનની છે અને તાઇવાનને ધમરોળી વાવાઝોડું જાપાન તરફ આગળ વધ્યું છે.

પેજ 3

ગોવામાં સ્ટાર-સ્ટડેડ વેડિંગ: ખુશ્બૂ સુંદરની દીકરીના લગ્નમાં ઉમટ્યા બોલિવૂડ-સાઉથના કલાકારો

અનિલ કપૂર, જેકી શ્રોફ, ચિરંજીવી અને નાગાર્જુન ટ્રેડિશનલ લુકમાં ચમક્યા; અભિનેત્રી તૃષા કૃષ્ણન પણ રહી હાજર

અભિનેત્રી અને રાજનેતા ખુશ્બૂ સુંદર તથા ફિલ્મમેકર સુંદર સીની મોટી દીકરી અવંતિકા સુંદર લગ્નના બંધનમાં બંધાઈ ગઈ છે. ૨૫ જૂનના રોજ ગોવાના એક લક્ઝરી રિસોર્ટમાં તેણે શ્રવણ શ્રીનિવાસન સાથે સાત ફેરા લીધા હતા. આ હાઈ-પ્રોફાઈલ લગ્નમાં સાઉથ ઇન્ડસ્ટ્રી અને બોલિવૂડના દિગ્ગજ કલાકારોએ હાજરી આપી હતી. સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં અનિલ કપૂર, જેકી શ્રોફ, ચિરંજીવી, નાગાર્જુન અને વેંકટેશ જેવા સુપરસ્ટાર્સ ટ્રેડિશનલ આઉટફિટમાં એકસાથે જોવા મળ્યા હતા. સાઉથની ફેમસ એક્ટ્રેસ તૃષા કૃષ્ણન પણ આ સેલિબ્રેશનમાં સામેલ થઈ હતી. ઉલ્લેખનીય છે કે ખુશ્બૂ સુંદરે આ ભવ્ય લગ્ન પ્રસંગ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તમિલનાડુના મુખ્યમંત્રી વિજયને પણ ખાસ આમંત્રણ પાઠવ્યું હતું.

કોણ છે શંખ મિત્રા? મસ્ક પછી વિશ્વમાં સૌથી વધુ પગાર મેળવતા CEO

કોલકાતાના યુવાને અમેરિકામાં રચ્યો ઇતિહાસ; વર્ષ ૨૦૨૫માં મળ્યું ૩. 6800 કરોડથી વધુનું અધધ પેકેજ

ભારતીય મૂળના અમેરિકન નાગરિક શંખ મિત્રા વૈશ્વિક કોર્પોરેટ જગતમાં ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. ‘ધ વોલ સ્ટ્રીટ જર્નલ’ (WSJ) ના તાજેતરના અહેવાલ મુજબ, અમેરિકાની અગ્રણી રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ કંપની ‘વેલટોવર’ના CEO શંખ મિત્રાને વર્ષ ૨૦૨૫માં $૮૨૧ મિલિયન (આશરે ૬,૮૦૦ કરોડથી વધુ)નું સેલેરી પેકેજ મળ્યું છે. આ આંકડા સાથે તેઓ ટેસ્લાના ઈલોન મસ્ક પછી વિશ્વના બીજા ક્રમના સૌથી વધુ કમાણી કરનારા ચીફ એક્ઝિક્યુટિવ બની ગયા છે.

શંખ મિત્રાએ કોલકાતાની પ્રખ્યાત જાદવપુર યુનિવર્સિટીમાંથી એન્જિનિયરિંગ પૂર્ણ કર્યા બાદ અમેરિકાની કોલંબિયા બિઝનેસ સ્કૂલમાંથી MBA ની ડિગ્રી મેળવી હતી.

હવે બ્રેકઅપ કરાવવા માટે મળશે રૂ. ૨.૮ લાખનો પગાર!

ગ્લોબલ ડેટિંગ એપ લાવી અનોખી નોકરી

જો તમે ૩ વાર રિલેશનશિપમાં દગો ખાધો હોય અથવા બ્રેકઅપના દર્દમાંથી પસાર થયા હોવ, તો આ ‘Chief Breakup Officer’ની નોકરી તમારા માટે જ છે!

શું તમારા વાઈ-ફાઈ કે પ્લમ્બિંગમાં પ્રોબ્લેમ છે? તમે એક્સપર્ટને બોલાવો છો. પણ શું હવે તમારે પાર્ટનર સાથે બ્રેકઅપ કરવું છે? તો તેના માટે પણ માર્કેટમાં એક્સપર્ટ આવી ગયા છે! ફિલ્મોમાં જે આપણે જોતા હતા, તે હવે હકીકત બની ગયું છે. રણબીર કપૂરની ફિલ્મ ‘તુ જૂઠી મેં મક્કાર’ના ‘મિકી’ જેવું જ પાત્ર હવે રીઅલ લાઈફમાં નોકરી તરીકે ઓફર થઈ રહ્યું છે.

એક ગ્લોબલ ડેટિંગ પ્લેટફોર્મ (Dating.com) એ સત્તાવાર રીતે ‘ચીફ બ્રેકઅપ ઓફિસર’ (CBO) ની ભરતી બહાર પાડી છે. આ પોસ્ટ માટે પસંદ થનાર વ્યક્તિને દર મહિને ૩,૦૦૦ યુએસ ડોલર એટલે કે આશરે રૂ. ૨.૮ લાખનો પગાર આપવામાં આવશે!

આ ‘Chief Breakup Officer’નું કામ શું હશે?

બીજા વતી બ્રેકઅપ કરવું: જે લોકો પોતાના પાર્ટનરને મોઢામોઢ ‘ના’ કહી શકતા નથી, તેમના વતી આ ઓફિસરે ફોન કરીને સંબંધનો શાંતિપૂર્ણ અંત લાવવાનો રહેશે.

ઈમોશનલ ઈન્ટેલિજન્સ: આ કામ માટે પ્રભાવશાળી વાણી, સહાનુભૂતિ અને આજના જમાનાના ડેટિંગ કલ્ચરની સમજ હોવી જરૂરી છે.

મેસેજ રેટિંગ: બ્રેકઅપ કેટલું કપરું કે વિવાદિત રહેશે (સરળ, અટપટું કે સંપૂર્ણ આપત્તિજનક) તેનું મૂલ્યાંકન પણ કરવાનું રહેશે.

ખાસ લાયકાત: જો તમે જિંદગીમાં ઓછામાં ઓછા ૩ બ્રેકઅપમાંથી હેમખેમ પસાર થયા હોવ, તો તમને આ નોકરીમાં પ્રાધાન્ય મળશે!

આવું કરવાની જરૂર કેમ પડી?

એક રિસર્ચ અનુસાર, આજની જનરેશન (Gen Z અને મિલેનિયલ્સ)માં ૮૪% લોકો સંબંધના અંતે ‘ઘોસ્ટિંગ’ (એટલે કે કંઈ પણ કહ્યા વગર અચાનક ગાયબ થઈ જવું અથવા બ્લોક કરી દેવા) નો શિકાર બને છે. આ સાયલન્સ સામેવાળા વ્યક્તિને માનસિક રીતે ખૂબ તોડી નાખે છે. ડેટિંગ પ્લેટફોર્મનું કહેવું છે કે, “આપણે સંબંધની શરૂઆત જેટલી સુંદર રીતે કરીએ છીએ, તેનો અંત પણ એટલી જ સભાનતાથી થવો જોઈએ.” જેથી સામેની વ્યક્તિને ‘ક્લોઝર’ (શાંતિ) મળી શકે.

ફ્રાન્સમાં સખત ગરમી વચ્ચે એસી ખરીદવા ગ્રાહકોની પડાપડી

એક સ્ટોર ખુલતા જ એરકન્ડીશન્ડ મશીનો ખરીદવા પડાપડી કરતા ગ્રાહકોનો વીડિયો ફરતો થયો

પેરિસ, તા. ૨૬: ફ્રાન્સમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહેતા શેમ્બેરીના એક સ્ટોરમાં અરાજકતાના દ્રશ્યો જોવા મળ્યા હતા, જ્યાં દુકાનના દરવાજા ખુલતાની સાથે જ ડઝનબંધ ગ્રાહકો એર કંડિશનર(AC) તરફ દોડી ગયા હતા.

સ્ટોરના એક વીડિયોમાં ગ્રાહકો ગરમીથી રાહત મેળવવાના ઉતાવળા પ્રયાસમાં કૂલિંગ એપ્લાયન્સીસની આસપાસ ભીડ જમાવતા અને દુકાનની પરસાળમાં આમ તેમ દોડતા જોવા મળ્યા હતા. ભારે તણાવ વચ્ચે આખું દ્રશ્ય અરાજકતામાં ફેરવાઈ ગયું હતું, જેને જોઈને ત્યાં હાજર અન્ય લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. આ અસામાન્ય દ્રશ્યે ઈન્ટરનેટ પર લોકોનું ધ્યાન ખેંચ્યું છે. ઘણા લોકોએ આ દોડધામને ફ્રાન્સ જેવા દેશ માટે અત્યંત આશ્ચર્યજનક ગણાવી છે. આ અફરાતફરી એવા સમયે સામે આવી છે જ્યારે સમગ્ર યુરોપ હાલમાં તીવ્ર હીટવેવની ઝપેટમાં છે, જેના કારણે તાપમાન રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે અને લાખો લોકોનું જીવન જોખમમાં મુકાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ફ્રાન્સમાં મોટે ભાગે હવામાન ઠંડુ રહેતું હોવાથી લોકો ઘરોમાં એર કન્ડીશનરો રાખતા નથી.